જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૮/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૧૪/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૩ | ૦ | ૧૦૩૬૩ | ૧૬૪૫૨ | ૦ | ૧૬૪૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૬૮ | ૧ | ૧૪૦૬૯ | ૧૪૬૯૬ | ૪ | ૧૪૭૦૦ |
| | કુલ | ૨૮૮૧૩ | ૧ | ૨૮૮૧૪ | ૩૭૨૧૩ | ૪ | ૩૭૨૧૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૨ | ૯,૩૧,૮૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૫ | ૧,૧૫,000/- |

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>ક્રાઈમ બ્રાન્ચ</u>**

## <u>બે આરોપીઓને બે મોબાઇલ ફોન સાથે પકડી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.</u>

અમદાવાદ શહેરમાં બનતા ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ ક્રાઇમબ્રાંચના ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના આપવામાં આવેલ હોય જે સુચના આધારે પો.ઇન્સ. શ્રી આર.એસ.સુવેરા નાઓના માર્ગદર્શન હેઠળ સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન હેડ કોન્સ. નારસિંહ મલુસિંહ અને હે.કો.શૈલેન્દ્રસિંહ લાલસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે તા.૨૦/૦૮/૨૦૨૦ ના રોજ ચંડોળા તળાવ ચોકી પાસેથી આરોપી નં(૧) અરબાઝખાન ઉર્ફે ભુરીયો સ/ઓ અસ્લમખાન દોસમખાન પઠાણ ઉ.વ.૨૫ રહે.અસ્મા ડુપ્લેક્ષ , સરતાજનગર ગલી નં.૨ મદીના હોટલની સામે બેરલ માર્કેટની અંદર દાણીલીમડા અમદાવાદ શહેર નં.(૨) મોહમંદસયાન સન/ઓ રોશનઅલી નજબઅલી કુરેશી ઉવ.૨૩ રહે.એ/૯ રોશનપાર્ક રહીમનગર લવ ગલ્લાની પાછળ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને એક કાળા કલરનો ViVO ૧૮03 મોડલનો મોબાઇલ ફોન અને એક ગોલ્ડન કલરનો MI REDMI 5A મોબાઇલ ફોન કિં.રુ. ૪૦૦૦/- ની મતાના મુદ્દામાલ સાથે પકડી પાડી દાણીલીમડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૨ ૨૦૦૭૪૦/૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦ મુજબનો ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢેલ છે.

<u>આરોપીઓનો ગુનાહીત ઇતીહાસ</u>

પકડાયેલ આરોપી પૈકી આરોપી નં.૧ અરબાઝખાનને સને ૨૦૧૫ માં ક્રાઇમબ્રાંચે પકડેલ અને તેણે તથા બીજા આરોપીઓએ વેજલપુર પો.સ્ટે.માં લુંટ કરેલ હોય વેજલપુર પો.સ્ટે માં સોંપેલ હતો.ત્યારબાદ સને ૨૦૧૭ માં નારોલ પોલીસ સ્ટેશનમાં જમીન પર કબ્જો કરવા બાબતેના કેસમાં અને દોઢેક મહીના પહેલા દાણીલીમડા પો.સ્ટે માં એક્ટીવા ચોરીના ગુનામાં પકડાયેલ છુ.તેમજ આરોપી નં.૨ મોહમંદસયાન બે વર્ષ પહેલા છેડતી અને મારામારીના ગુનામાં દાણીલીમડા પો.સ્ટે પકડાયેલ છે.

### <u>શોધાયેલ ગુન્હો</u>

(૧) દાણીલીમડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૨૨૦૦૭૪૦/૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦

પકડાયેલ આરોપીઓની વધુ પુછપરછ જારી હોય આવા પ્રકારના બીજા ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શકયતા છે.

# <u>“શી” ટીમની કામગીરીની વિગત</u>

**<u>શાહપુર પોલીસ સ્ટેશનઃ-</u>**

આજ રોજ 21 ઓગસ્ટ "સિનિયર સિટીઝન ડે" નિમિતે શાહપુર પો.સ્ટે વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝનની શાહપુર પો.સ્ટે she ટીમ દ્વારા મુલાકાત લઈ તેમને ગુલાબ આપી કોરોના મહામારીમાં યોગ્ય તકેદારી રાખવા તેમજ સારા સ્વાસ્થ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## ખાડીયા પોલીસ સ્ટેશન :-

## છેલ્લા ત્રણેક માસથી ફર્લો રજા ઉપરથી નાસતા ફરતા પાકા કામના કેદીને ઝડપી પાડતી ખાડીયા પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ

પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમી.શ્રી સેક્ટર – ૧ , ના.પો.કમી.શ્રી ઝોન-૩ , મ.પો.કમી.શ્રી 'ઈ' ડીવીઝન નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ/ફર્લો વચગાળા જામીન જમ્પ થયેલ આરોપીઓને પકડવા સારૂ સુચનાઓ મળેલ જે અન્વયે સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પી.ડી.સોલંકી ખાડીયા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન અને સુચના મુજબ અ.હે.કો. ભાગ્યદિપ મહેશકુમાર બ.નં.-૮૫૨૨ તથા અ.પો.કો. કુન્દનભાઈ ભરતભાઈ બ.નં.-૯૩૯૭ તથા અ.પો.કો. ધ્રુવરાજસિંહ અશોકસિંહ બ.નં.-૮૭૯૨ તથા અ.લો.ર. વિકાસ હસમુખભાઈ બ.નં.-૧૨૮૯૨ નાઓ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.હે.કો. ભાગ્યદિપ મહેશકુમાર તથા અ.પો.કો. ધ્રુવરાજસિંહ અશોકસિંહનાઓને મળેલ બાતમી હકિકત આધારે પાકા કામના કેદી નં.- S/૧૫૫૬૪ લક્ષ્મણજી ઉર્ફે બબલી સ/ઓ કાનાજી ધુળાજી ઠાકોર ઉ.વ.-૩૦ રહે.- ગામ-શીલજ મહાદેવજીના મંદિર સામે ઠાકોર વાસ તાલુકો – દસક્રોઈ જી.- અમદાવાદ નાનો ખેડા જીલ્લામાં અડીયાળા ગામ પાસે હાઈવે ઉપર આવેલ મયુરી હોટેલની પાછળના ભાગે છાપરુ બાંધી રહેતો હોવાનુ અને છુટક મજુરી કામ કરતો હોવાની હકીકત આધારે સદરી સ્થળે જઈ સદરી પાકા કેદીની તપાસ કરી મળી અવતાં ઝડપી લેવામાં આવેલ સદરી ઈસમની પુછપરછ કરતાં તે બોપલ પોલીસ સ્ટેશનના બળાત્કારના ગુનામાં પકડાયેલો અને આ ગુનામાં સાબરમતી મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતો હતો અને તા.-૨૩/૦૪/૨૦૨૦ ના રોજ દિન-૧૪ ની ફર્લો રજા ઉપર છુટેલ હતો જે ફર્લો રજા પુરી થયા બાદ પરત જેલમાં હાજર નહી થઈ ફર્લો રજા ઉપરથી છેલ્લા ત્રણેક મહીનાથી નાસતો ફરતો હોવાની હકીકત જણાવેલ જેથી સદરી પાકા કેદીને આજ રોજ તા.-૨૦/૦૮/૨૦૨૦ ના રોજ ઝડપી લઈ કોવિડ- ૧૯ નો ટેસ્ટ રીપોર્ટ કરાવવા તેમજ અમદાવાદ સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.



# પાસા અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :-

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા દાખલ થયેલ શરીર/મિલ્કત સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૬૯૪/૨૦૨૦ તા.૧૯/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી આફતાબ ઉર્ફે તાઉ સ/ઓ સઇદભાઇ હાજમભાઇ શેખ ઉ.વ.૨૦ ધંધો.મજુરી રહે.પાણીની ટાંકી પાસે સુરતી સોસાયટી રામોલ અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ સુરત ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૨૦/૦૮/૨૦૨૦ ના ક.૧૨/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે



મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ શરીર સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૬૯૫/૨૦૨૦ તા.૧૯/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી નીતીન ઉર્ફે ચક્કો સ/ઓ અમૃતભાઇ જગજીવનદાસ દરજી ઉ.વ.૩૮ ધંધો.છુટક મજુરી રહે.૨૫ મહાકાળી પાર્ક સોસાયટી વસ્ત્રાલ ગામ અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે ખાસ જેલ સુરત ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૨૦/૦૮/૨૦૨૦ ના ક.૧૨/૩૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે



## અમરાઇવાડી પોલીસ સ્ટેશન :-

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન તથા નાઓએ પાસા,તડીપાર,વોન્ટેડ આરોપીઓ પકડવા આપેલ સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એન.એલ.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ એન.એમ.બારોટ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો ભાવેશભાઇ રામદાસ તથા એલ.આર મનીષકુમાર ઇશ્વરલાલ નાઓની સંયુક્ત બાતમી આધારે અત્રેના પોલીસ સ્ટેશનના તથા રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ગૌ માંસના ગુનામાં પકડાયેલ આરોપી નં.(૧) અકીલભાઇ શફીકભાઇ કુરેશી ઉ.વ.૩૯ ધંધો વેપાર રહેવાસી મ.નં.૨૧ ધાહેનપાર્ક સોસાયટી મુખી રેસીડેન્સીની સામે રામોલ અમદાવાદ શહેર તથા શરીર સબંધી ગુનાના કામે પાસા અટકાયતી નં.(૨) રોહિત ઉર્ફે ગાંડો સ/ઓ રામનરેશ ગુપ્તા ઉ.વ.૧૯ ધંધો મજુરી રહે, રામપ્રસાદ દશરથલાલની ચાલી અમરાઇવાડી અમદાવાદ શહેર તથા પ્રોહિબીશનના ગુનાના કામે પાસા અટકાયતી નં.(૩) પુષ્પેન્દ્ર ઉર્ફે નિરજ સ/ઓ જગતનારાયણ તિવારી ઉ.વ.૨૦ ધંધો મજુરી રહે, મ.નં.૩૮ ભગવતીનગર અશ્વમેઘ સોસાયટીની સામે સત્યમનગર અમરાઇવાડી અમદાવાદ શહેર નાઓને પકડી અત્રેના પો.સ્ટે લાવી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરના અનુક્રમે પાસા હુકમ નં.(૧)પીસીબી/ડિટીએન/પાસા/૬૯૮/ ૨૦૨૦ તથા (૨) પીસીબી/ડિટીએન/પાસા/૬૯૯/૨૦૨૦ તથા (૩) પીસીબી/ડિટીએન/પાસા/ ૭૦૬/૨૦ ના હુકમની બજવણી કરી પાસા અટકાયતી તરીકે ત્રણેય આરોપીઓને મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે યોગ્ય પોલીસ જાપ્તા સાથે સરકારી વાહનમાં પાસા અટકાયતી તરીકે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર કર્મચારી

(૧) એલ.આર હર્ષદભાઇ ભીખાભાઇ બ.નં.૧૪૨૭

આરોપી નં.૧



આરોપી નં.૨



આરોપી નં.૩



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૪૬૪ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૪૧૭/૨૦૨૦**

**જીઆઈડીસી વટવાઃ** ભગવતસિહ ભારતસિહ રાઠોડ (રહે. ગોકુલ પ્લેટિનમ અન્નપુર્ણા હોટલ પાછળ જશોદાનગર) એ તા.૧૭/૦૮/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગે જશોદાનગર અન્નપુર્ણા હોટલ પાછળ ગોકુલ પ્લેટિનમના પાર્કિંગમાં પોતાની ઈનોવા કાર નંબર જીજે ૦૧ કેએ ૨૮૨૪ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સાજના ૭/૩૦ વાગ્યા દરેઅમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ભગવતસિહ રાઠોડે જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૪૧૮/૨૦૨૦**

**નારોલઃ** નારોલ લાંભા ટર્નીંગ પાસે, પુજા પાર્ટી પ્લોટ પાછળ આવેલ "નક્ષત્ર એક્સપાયર" નામની સાઇટ ઉપર રહેતા અને ત્યા જ કામ કરતા મલસિંગભાઇ હીરાભાઇ ડામોર (ઉ.વ.૪૩) (મુળ વતન- ગામ- વગેલાડોલરા ફળિયુ તા.ઝાલોદ જી.દાહોદ) તા.૨૦/૦૮/૨૦૨૦ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે સાઇટમાં કોન્ક્રીટના વાઇબ્રેટર મશીન ઉપર કામ કરતા હતા દરમ્યાન વાઇબ્રેટર મશીનને પગ અડી જતાં વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૯/૨૦૨૦**

**ઘાટલોડીયાઃ** કાળીબહેન કાનજીભાઈ રબારી (ઉ.વ.૫૦) (રહે.રામકૃષ્ણનગર ઘાટલોડીયા) એ બિમારીથી કંટાળી તા.૦૭/૦૭/૨૦૨૦ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૮/૨૦૨૦ કલાક ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષભાઇ દલસંગભાઇ ચલાવે છે.

**ખોખરાઃ** હિતેશ સુરેશભાઇ વાઘેલા (ઉ.વ.૧૮) (રહે. જૈન મંદિરની બાજુમા ખોડીયારનગરની ચાલી હાટકેશ્વર ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૮/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.બોડાત ચલાવે છે.

**અમરાઈવાડીઃ** જીતેન્દ્રભાઈ ગણપતભાઈ મકવાણા (રહે. પ્રગતીનગર લાઈન નંબર-૧૨ અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૮/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડના હુકમા દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી